# 35

ભાવનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

***15/4/590** શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)): **માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે, | **(૧)** | ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૧૨૮.૬૧ કરોડ અને વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ.૧૩૧.૩૭ કરોડ ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. |
| **(૨)** | તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને | **(૨)** | તે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૬૪ કામ તથા વર્ષ ૨૦૨૩-૨૪માં ૬૮ કામ મંજૂર થયેલ છે. |
| **(૩)** | તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે? | **(૩)** | તે પૈકી વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૦ કામ તથા વર્ષ ૨૦૨૩-૨૪માં ૦૧ કામ પૂર્ણ થયેલ છે. |

-------